**રેગ્યુ. સીવીલ અપીલ નં.૧૫૪/૨૦૨૩**

**આંક–૧૫ તળે હુકમ :**

૧. હાલની અરજી, આ કામના પ્રતિવિવાદી તરફે આપેલ હતી અને રજુઆત કરેલ હતી કે, એપેલન્ટ નં.૧ સુરેશભાઇ રાવજીભાઇ પટેલ તા.૧૯/૦૭/૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે અને તેઓના કાયદેસરના વારસદારને ૯૦ દિવસની સમય મર્યાદામાં જોડેલ નથી અને એપેલન્ટ નં.૨ એ એપેલન્ટ નં.૧ ના પાવર ઓફ એટર્ની હોલ્ડર છે તેમ છતાં તેઓએ પણ કોઇ કાર્યવાહી કરેલી નથી તેથી અરજી મંજુર કરી હાલની અપીલ એબેટ કરવા રજુઆત કરેલી છે.

૨. વિવાદી નં.૨ દ્વારા પ્રતિવિવાદીની આંક–૧૫ ની અરજીનો આંક–૧૬ થી લેખીત જવાબ આપેલ છે અને તે જવાબમાં જણાવેલ છે કે, સદરઅપીલમાં વિવાદી નં.૧ સુરેશભાઇ રાવજીભાઇ પટેલ છે તથા વિવાદી નં.૨ તરીકે ભરતભાઇ શાંતિલાલ પટેલ છે. પ્રતિવિવાદી તરીકે મૈ.બાવાલાલ ગોબરભાઇ પટેલના વારસદારો વિગેરે છે. સદર અપીલ પ્રતિવિવાદીઓએ મે.વડોદરાના સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.મુ.નં.૨૮૫/૧૯૯૬ થી દાખલ કરેલ તે કામે ટ્રાયલ કોર્ટે તા.૫/૬/૨૦૨૦ ના રોજ તે દાવો અંશત:મંજુર કરેલો અને હુકમનામું કરેલુ, તે હુકમ વિરૂધ્ધ હાલની અપીલ વિવાદીઓએ દાખલ કરેલી છે. સદર કામના પ્રતિવિવાદીઓએ પણ ટ્રાયલ કોર્ટે સ્પે.મુ.નં.૨૮૫/૧૯૯૬ ના હુકમનામા સામે વડોદરાના મે.ડીસ્ટ્રીકટ કોર્ટ સમક્ષ રેગ્યુ. અપીલ નં.૧૦/૨૦૨૧ દાખલ કરેલી છે. હાલની અપીલના વિવાદી નં.૨ ભરતભાઇ શાંતીલાલ પટેલે સુરેશભાઇ રાવજીભાઇ પટેલના કુલમુખત્યાર તરીકે દાખલ કરેલી છે તેમજ વિવાદી નં.૨ ભરત શાંતીલાલ પટેલ પોતે છે અને હવે વિવાદી નં.૨ ભરત શાંતિલાલ પટેલ વિવાદી નં.૧ ના કુલમુખત્યાર રહેલા નથી. કાયદાની જોગવાઇ મુજબ જયારે અપીલના કામે બે વિવાદી હોય અને તેમાં એક વિવાદી મૃત્યું પામે તો તેના વારસદારોઅપીલમાં જોડવામાં ન આવે તો પણ જયારે વિવાદી નં.૨ હયાત હોય અને તેઓએ પણ તેમની વ્યકિતગત કેપેસીટીમાં અપીલ દાખલ કરેલી હોય ત્યારે આખી અપીલ એબેટ થતી નથી, તેવા સંજોગોમાં હાલની અપીલ એબેટ થઇ શકે નહીં અને પ્રતિવિવાદીની અરજી ખર્ચસહ નામંજુર કરવા રજુઆત કરેલી છે.

૩. સદર અરજી સબંધે રીસ્પોન્ડન્ટ તથા એપેલન્ટના એડવોકેટને સાંભળ્યા, સદર કામમાં એપેલન્ટ નં.૧ ગુજરી ગયા બાબતે તકરાર નથી તેમજ આ કામમાં બેલીફ નોટીસની બજવણી કરવા જતા એપેલન્ટ નં.૧ ગુજરી ગયેલ હોવાનીહકીકત ધ્યાનમાં આવેલ છે તેમજ બેલીફના રીપોર્ટ સાથે એપેલન્ટ નં.૧ ના મરણનો દાખલો પણ રજુ કરવામાં આવેલ છે.

બેલીફે તા.૧૩/૭/૨૦૨૩ ના રોજ રીપોર્ટ કરેલ છે અને ત્યારબાદથી એપેલન્ટ તરફથી એપેલન્ટ નં.૧ ના વારસદારોને જોડવાની કોઇ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેથી એપેલન્ટ નં.૧ પુરતો કેસ એબેટ કરવાનો થાય છે. જયારે એપેલન્ટ નં.૨ રેકર્ડ ઉપર હોય અને તેઓએ તેમની વ્યકિતગત કેપેસીટીમાં અપીલ દાખલ કરેલ હોય તેથી તેમના પુરતી અપીલ આગળ ચલાવવાની રહે છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાનમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

- રીસ્પોન્ડન્ટની આંક–૧૫ ની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.
- આ કામમાં એપેલન્ટ નં.૧ પુરતી અપીલ એબેટ કરવામાં આવે છે જયારે એપેલન્ટ નં.૨ હયાત હોય અને તેઓએ તેમની વ્યકિતગત કેપેસીટીમાં અપીલ દાખલ કરેલ હોય તેથી તેમના પુરતી અપીલ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.
- એપેલન્ટે અપીલમાં તે મુજબનો જરૂરી સુધારો કરી તેની નકલ રીસ્પોન્ડન્ટને પુરી પાડવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૬/૦૮/૨૦૨૫
વડોદરા

**(વિકુલ કનુપ્રસાદ પાઠક)**
મુખ્ય જીલ્લા ન્યાયાધિશ
વડોદરા
કોડ નં.જીજે ૦૦૪૬૮